
અર્હદ્
પ્રેરણા
પત્ર
ચાતુર્માસ
ધર્મ અને જ્ઞાનનો વરસાદ
❖ વર્ષ : 33 ❖ અંક : 5 ❖ S.No. : 493
❖ તા.16-8-2026 ❖ ઓગષ્ટ
છૂટક નકલ : રૂા.6/-

જૈન એલર્ટ ગ્રુપ ઑફ ઈન્ડિયા

## ક્ષમાપના મિલન

પાવનનિશ્રા : યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.
હેમરત્નસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ. ગણિ

ઉપસ્થિતિ : સાધર્મિકવત્સલ
શ્રી કલ્પેશભાઈ વી. શાહ આદિ
તારીખ : આસો સુદ ૧, ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬
સમય : સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ કલાકે
સ્થળ : શ્રી કેનાલરોડ શ્વે.મૂ.પૂ.તપા.જૈન સંઘ,
પારસભાવના આરાધના ભવન, વેસુ, ભરથાના, સુરત
નવકારશી અને બપોરના ભોજનની
વ્યવસ્થા શ્રીસંઘ તરફથી કરવામાં આવશે.
સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ પર્યુષણ વિભાગના
યુવાનોના મિલન પછી ક્ષમાપના મિલન આદિ કાર્યક્રમ શરૂ થશે.
બધા ગ્રુપના યુવાનોને ભાવભર્યું આમંત્રણ છે.
વિશેષ : બ્રાહ્મી-સુંદરી ગ્રુપની બહેનો માટે પણ આમંત્રણ છે.
સંપર્ક : સેવક વિલાસભાઈ - ૮૧૬૯૮૨૪૬૨૬
પેઢી : ૦૨૬૧-૨૯૯૧૦૭૦, ૯૦૮૧૪૯૪૦૫૮



બ્રાહ્મી સુંદરી ગ્રુપ મીરા-ભાયંદર દ્વારા
ઘર ઘર પૂજા અભિયાનનું આયોજન




પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવા જતા
પંડિતજીઓ તથા યુવાનો-આરાધકો માટે તથા
શ્રીસંઘોમાં વાંચવા તથા વસાવવા

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.ના
શિષ્યરત્ન પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ. મ. સંકલિત







કિંમત : રૂા.૧૨૫.૦૦ પ્રત્યેક ❖ હિન્દી તથા ગુજરાતીમાં મળશે.

અમદાવાદ : અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
મફતલાલ : 9429130261

મુંબઈ : માનસમંદિરમ્ ટ્રસ્ટ :
વિપુલભાઈ : 9765781817

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હમ્ પ્રેરણા પત્ર

વર્ષ : 33 ❖ અંક : 5
S.No. : 493 ❖ વિ.સં.2082
તા.16-8-2026 ❖ ઓગષ્ટ

: માલિક :
અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, રજે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
કલ્પેશભાઈ વિ. શાહ
અમદાવાદ

ટાઈપ સેટીંગ
સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ**





## પ્રાર્થના

એટલું તો આપજે, ભગવન્ મને છેલ્લી ઘડી... હે પરમાત્મા ! હવે આ દીવામાં દિવેલ ખૂટ્યું છે. જિંદગીમાં પાપો ઘણા કર્યા છે તે કબૂલ ! પણ પ્રભુ તારી સ્તવના, તારી પૂજા, તારી સેવા અને તારી સાથે ક્યારેક હાર્ટલી પ્રેમ પણ કર્યો છે. માટે તો તારી પાસે માંગવા આવ્યો છું.

અને મને એ પણ ખબર છે કે, તું તો દયાનો સાગર છે, દીનોનો નાથ છે. ભક્તોનો તારણહાર છે. તારે આપવાથી ક્યારેય ખૂટી જવાનું નથી જ. માટે હે કૃપાળુ ! કૃપા વરસાવી મારી નાનકડી પ્રાર્થનાને સફળ બનાવજે.

હે કરુણાસાગર ! મારા શ્વાસે શ્વાસમાં તારું સ્મરણ રહે ! મારા લોહીના કણ કણમાં તારો ધર્મ રહો, દિવસે તને ધ્યાવું તેમ રાત્રે સ્વપ્નમાં પણ તારા જ દર્શન થતા રહે.

હે દયાળુ ! તારું નામ લઉં ને કંઠ ગદ્ગદ્ બને. તારી યાદ આવે ને મારા નેત્ર યુગલો ભીના ભીના બને ! મારા હૃદયની વીણા પર માત્ર તારું જ સંગીત ચાલ્યા કરે. જીવનની છેલ્લી ઘડી આવે ત્યારે પ્રભુ આખોય સંસાર ભૂલાઈ જાય અને તારો જ દેદાર જોઈ રાજી રાજી થઈ જાઉં, મારું હૈયું તને મળવા પોકાર કરે. માત્ર તારામાં જ લયલીન બનું. બસ તારામાં જ સમાઈ જાઉં. ફરીથી જન્મ પણ લેવો ન પડે તેવી કરુણા વરસાવજે.

## સંવેદના

કેટલાક ગુણો પણ એવા છે કે, તે સજોડે હોય તો જ જામે... તે યુગલ સાથે હોવા જરૂરી છે. ફૂલમાં **સુંદરતા** સાથે **સુગંધી** જરૂરી, **મહેનત** સાથે **ઈમાનદારી** જરૂરી, **ક્ષમા** સાથે **ગંભીરતા** જામે. **દાન** સાથે **નમ્રતાદેવી** શોભે છે. **સહનશીલતા** સાથે સમજણપૂર્વકની **સમતા** શોભે ! **સંયમ** સાથે **વૈરાગ્ય** જરૂરી, **વૈરાગ્ય** (જ્ઞાનગર્ભિત) સાથે જ્ઞાનસભર **વિવેકની** જુગલબંધી છે. **સાહસ** સાથે યોગ્યાયોગ્ય, સારાસાર, શક્તિ–અશક્તિનો ભેદ સ્પષ્ટ કરી શકે તેવી **નિર્ણયશક્તિ** જરૂરી છે. **જ્ઞાનગુણ** સાથે **નિરહંકારીતા** જરૂરી. તેમ **જ્ઞાન** સાથે **ક્રિયા**ની જુગલબંધી મોક્ષપથ બને છે. એકલું જ્ઞાન નહિ. **સેવા** સાથે **નિરપેક્ષભાવ** ઈષ્ટ છે. ઘણા **ગુણો** ભલે હોય સાથે **ગુણાનુરાગ** તેની શોભા છે. **પ્રમાણિક્તા** સાથે **નીતિમત્તા**ના ધોરણની અપેક્ષા અસ્થાને નથી.

રાજા મુગટ પહેર્યા વિના શોભતો નથી. સામાન્ય પ્રજાજન લાગે છે. એમ કેટલાક ગુણોની શોભા તેની સાથે આવતા જોડિયાગુણ સાથે છે. જોડિયો ગુણ ન હોય તો ઘણીવાર ગુણીયલ પણ શિષ્ટ પુરુષોમાં નિંદાને પાત્ર થાય છે. જેમકે, જ્ઞાનગુણવાળો વિદ્વાન જો અહંકારી હોય તો વિદ્વાનોમાં સ્થાન પામતો નથી. જ્ઞાનીનું ઘરેણું નિરહંકારીપણું છે. તેનાથી જ્ઞાન અને જ્ઞાની બન્ને શોભે છે.



**હેમસૂત્ર** **મારે શું શું લેવાનું છે તેના લીસ્ટની સાથે મારે આપવાનું શું શું છે તેનું પણ લીસ્ટ બનાવજો. ઉપરવાળાને તેનો હિસાબ આપવો પડશે.**

# છ જીવ કરુણાય

**પ્રશ્ન : દ્રવ્યથી શું અને ભાવથી શું ?**

**જવાબ :** જો કે, આગળ આ વાત થઈ ગઈ છે. પરંતુ તમને આવું બધું યાદ રહેતું નથી.

**પ્રશ્ન : સાચી વાત છે. પણ કેમ ભુલાઈ જાય છે ?**

**જવાબ :** તેમાં તમને રુચિ નથી માટે. તેમાં તમારી લાગણી, તમારો જોક જોડાતો નથી. જે રસનો વિષય હોય તે યાદ રહે છે. જેમાં રસ ન હોય તે અમારે વારંવાર યાદ કરાવવું પડે છે. આ પણ કરુણા જ છે. વળી અમને આમાં જ રસ છે એટલે તમે વારંવાર પૂછો તોય અમે કંટાળતા નથી.

દ્રવ્યથી **કરુણા** કરવી એટલે તે જીવને બચાવવો, બચાવવા ઉપાયો કરવા તેણે જીવવા માટે મદદ કરવી. ટૂંકમાં, જીવને દુ:ખ ન પડે તેને સુખ મળે તેના ઉપાય કરવા તે કરુણા છે.



દા.ત. તમે જઈ રહ્યા છો અને રસ્તામાં કોઈ નાનો જીવ પણ જઈ રહ્યો છે. તમે જોયું કે, ગાડીના વ્હીલ નીચે આવીને આ જીવ મરી જશે કે ચગદાઈ જશે. તમને કરુણા ઊપજી એટલે તે જીવને બચાવવાનો તમને વિચાર આવ્યો. હવે તમારી કરુણા જેટલી નિર્મળ અને વધુ હશે તે રીતે વિચાર પ્રવૃત્તિમાં એક્શનમાં આવશે તે આ રીતે.

૧. તમે હાથની આંગળીથી, પગના અંગૂઠાથી કે હાથમાં કંઈ સાધન હશે તેનાથી તે જીવને સ્ટ્રોક લગાવી રસ્તાની બહાર ઉછાળી દેશો.

આ પ્રવૃત્તિમાં તે જીવ બચી જ જાય તેવી ગેરંટી નથી. સમજો ઉછળીને તે જીવ મરી ગયો. તેમ કદાચ જોયું પણ ખરું કે, અરે ! આ તો બિચારો પાણીમાં પડ્યો. મરી જશે અને અફસોસ કરતા તમે રવાના થઈ જવાના !

૨. બીજું તમે જીવને બચાવવા પાકીટમાંથી કાગળ કાઢી તેના પર ચડાવી રોડ સાઈડ ગયા ત્યાં ઘણા પક્ષીઓ હતા. જેવો કાગળ ઉપરથી જીવને મૂકી દીધો. તમારા ગયા પછી પેલા પક્ષીઓ જીવને ખાઈ ગયા !

આમાં પણ તમને કરુણા આવી છતાં જીવ ન બચી શક્યો. તમને પૂરો લાભ ન થયો.

૩. ત્રીજું. તમે જીવને કાગળ અથવા હાથરૂમાલ પર ચડાવી દઈ ઝાડના થડમાં કે એવી ગુપ્ત જગ્યાએ મૂક્યો કે બીજા પ્રાણીઓ તેણે મારી ન નાંખે ! આમાં તમારી કરુણા વધારે અને શુદ્ધ છે. કેમકે, તેમાં વિવેક ભળેલો છે. તમે જીવના ભવિષ્યની પણ ચિંતા કરી. માત્ર વર્તમાનની નહીં. ત્રણે મિત્રોને કરુણા ઊપજી છતાં જરૂરી જ્ઞાન અને વિવેક ન હોવાથી અથવા તેમના હૃદયમાં હજુ જોઈએ તેવી કોમળતા ન હોવાથી તેની સુરક્ષા માટે પૂરતી કાળજી ન લઈ શક્યા.

કરુણાના ઉપાયોની તમને આ ઊંડાણથી અને સૂક્ષ્મથી વાત કરી રહ્યો છું. આ દ્રવ્યદયા છે, દ્રવ્ય કરુણા છે. સાથે કરુણાનો ભાવ હોવાથી ભાવકરુણા પણ છે. એટલે જ આગળ કહેલું, ગૃહસ્થોને દ્રવ્ય અને ભાવ બંને પ્રકારે દયા હોય છે. દ્રવ્યથી - પૈસાનો ખર્ચ કરવો, સમય આપવો, મદદ કરવી વગેરે જ્યારે ભાવથી કરવું વેઠ ન વાળવી, પછી અફસોસ ન કરવો.

સારું કામ કર્યાની મનોમન અનુમોદના કરવી (સ્વસુકૃતની મનોમન અનુમોદના હોય અને બીજાના સુકૃતોની પ્રત્યક્ષ અનુમોદના કરવી.) તેનું અભિમાન ન કરવું. બધાને કહેતા ન ફરવું વગેરે ભાવદયા છે - ભાવકરુણા છે.

વળી, જ્યારે દ્રવ્યદયા કરવી શક્ય ન હોય ત્યારે તે જીવોની ભાવદયા જ ચિંતવાય છે. જેમ કે, બકરીઈદના દિવસે લાખો બકરાંની કતલ થાય છે. તેમાં આગલા દિવસે તેના બજારમાં જઈ પૈસા આપી બકરાંને છોડાવી પાંજરાપોળમાં મૂકે તો તે ભાવ સાથે દ્રવ્યદયા પણ થાય. પરંતુ ઈદના દિવસે આપણે કતલ અટકાવી શક્તા નથી તો તે દિવસે માત્ર ભાવદયા જ ચિંતવવી પડે છે. ભગવાન ! તે નિર્દોષ જીવોની સદ્ગતિ થાજો અને

કસાઈઓને સદ્બુદ્ધિ મળજો ! આ ભાવદયા છે.

**પ્રશ્ન : આપે કહ્યું, દયાનો ભાવ હોય અને દયા કરીએ એટલે બંને પ્રકારની દયા કે કરુણા થાય. તો શું ભાવ વિનાની દયા હોય ?**

**જવાબ** : હા, હોય. એટલું જ નહીં દયા કરતો હોય છતાં મનમાં તેને જ મારવાનો ભાવ પણ હોય !

**પ્રશ્ન : પ્લીઝ ! દૃષ્ટાંતથી સમજાવોને ! આવું પણ હોય ?**

**જવાબ** : પહેલામાં જેમ કોઈ નોકરને જીવોને ચારો નાંખવાનું કે અગાસીમાં દાણા નાંખવાનું કાર્ય સોંપ્યું હોય અને નોકર ચારો કે કબૂતરને દાણા નાંખતો હોય ત્યારે તે દયા જ કરે છે. પણ, તેણે તેનો ભાવ ન પણ હોય એવું બને. આ ભાવ વિનાની દ્રવ્યદયા થઈ.

બીજામાં કબૂતરોને પકડવા કોઈ શિકારીએ મેદાનમાં જાળ બિછાવી છે અને ત્યાં જુવાર - મકાઈના દાણા નાંખી તે નજીકના ઝાડ પાસે છુપાઈ જાય છે. ત્યાં ચણ ચણવા કબૂતરો આવે છે. ત્યારે તે રાજી પણ થાય છે. અહીં તેણે કબૂતરો ઉપર દયા તો કરી પણ 'ભાવ' કબૂતરોનો શિકાર કરી - જાળમાં પકડી વેચવાનો પ્લાન હોવાથી ભાવ તો હિંસાના છે.

તેથી ઊલટું, જાળ ઉપર ચણી રહેલા કબૂતરો જોઈ ત્યાંથી પસાર થતાં કોઈ યુવાનને વિચાર આવ્યો કે, આ જાળ તો કોઈ શિકારીની લાગે છે. બિચારા કબૂતરો પકડાઈ જવાના ! આવું વિચારી કબૂતરો ઉપર પત્થર ફેંકી બધાને ઉડાડી મૂકે છે. કબૂતરો ગભરાઈ ઊડી જાય છે. ત્યારે પેલો યુવાન રાજી થાય છે.

અહીં યુવાને દયા કરવાને બદલે ક્રૂરતા કરી (કબૂતરો ઉપર પત્થર ફેંક્યો - તેમણે ચણ-ચણતાં ઉડાડી મૂક્યા વગેરે રૂપ) અને રાજી થયો. તે દ્રવ્યથી તો હિંસા કરનારો ગણાય પણ તેના હૃદયમાં કબૂતરો ઉપર કરૂણા હતી. હકીકતમાં યુવાને કબૂતરો પર કરુણા જ કરી છે. તે ભાવથી કરુણા કહેવાય દ્રવ્યથી હિંસા કહેવાય.

આ જ થિયરીથી ભગવાનની પૂજા-અર્ચના, મંદિરો બંધાવવા, ફૂલો ચડાવવા, ૧૦૦૮ દીપકોની આરતી ઉતારવી, મહાપૂજા કરવા લાખો ફૂલોથી અને રોશનીથી જિનાલયને શણગારવું વગેરે તમામ પ્રવૃત્તિમાં દેખીતી હિંસા હોવા છતાં અનુબંધમાં અહિંસા અને પરિણામે પણ અહિંસાનો ભાવ હોવાથી તે **"ધર્મપ્રવૃત્તિ"**. અહિંસક અને પુણ્યબંધ કરનારી, કર્મનિર્જરા કરનારી શાસ્ત્રકારોએ કહી છે. તે ધ્યાનમાં લેવું. આવી હિંસાને શાસ્ત્રકારે સ્વરૂપહિંસા કહી છે. કારણ તેનાથી શુભભાવો આવતાં પુણ્યબંધ અને કર્મની નિર્જરા થતી હોવાથી તે ઉપાદેય કહી છે. આ રીતે દયા વગેરેનું સ્વરૂપ સૂક્ષ્મથી જાણવું જોઈએ. વળી દયા કે કરુણામાં વિવેક ભળે ત્યારે તે સાચી દયા થાય. 'વિવેક'ની વાત આગળ કરીશું.

દયા તો આપણો સ્વભાવ બનવો જોઈએ. જેમ ભગવાન કરુણામૂર્તિ છે તેમશ્રાવક દયાની મૂર્તિ હોવો જોઈએ. અમેરિકાના પ્રમુખ અબ્રાહમલિંકનના જીવનની એક ઘટના વાંચેલી. (કેટલાક સંતના નામે કહે છે.)

અબ્રાહમ લિંકન પોતાના સાથીયો અને સુરક્ષા કમાન્ડો સાથે સભામાં જઈ રહ્યા હતા. તળાવના કિનારેથી પસાર થતાં કિનારે પાણીમાં ડૂબતો વિંછી જોયો. અબ્રાહમના અંતરમાં દયાદેવી પ્રગટ થઈ. અટક્યા. તળાવની નજીક ગયા. બધા જોઈ રહ્યા છે કે, લિંકન શું કરી રહ્યા છે ? તેમણે પેલા ડૂબી રહેલા વિંછીને પૂંછડી પકડી કિનારા ઉપર રેતીમાં નાંખ્યો. રાજી થયા હાશ બચી ગયો. હજુ વિચાર કરે ત્યાં તો વિંછી પાછો ચાલતો ચાલતો તળાવના પાણીમાં પડ્યો.

અબ્રાહમ પાછા પૂંછડી પકડવા ગયા અને કિનારે નાંખ્યો પણ તેમના અંગૂઠા પર વીંછીએ ડંખ માર્યો ! અબ્રાહમે 'ઓહ સોરી' ધીમેથી ચીસ પાડી અંગૂઠો દબાવી દીધો, બધા ભેગા થઈ ગયા. કમાન્ડોએ કહ્યું, સર ! તમને ડંખ મારે છે તો મરવા દો ને શા માટે વારંવાર બચાવો છો ?

લિંકનનો જવાબ સાંભળવા જેવો છે. કહ્યું, ડિયર ફ્રેંડ્સ ! વિંછીનો સ્વભાવ જ ડંખ મારવાનો છે. મારો સ્વભાવ બચાવવાનો છે. જો આવું ક્ષુદ્ર પ્રાણી પોતાનો સ્વભાવ છોડવા તૈયાર ન હોય તો હું અમેરિકાનો પ્રમુખ મારો જન્મ જાત સ્વભાવ કેમ છોડું ? આ ઘટના જીવદયા 'સ્વભાવ' બનવો જોઈએ તેની પ્રેરણા કરે છે.

સ્વભાવ બનવો એટલે 'નિરપેક્ષ' ભાવ. દયા કરવાથી કલ્યાણ થાય, પુણ્ય બંધાય, નિર્જરા થાય વગેરે

કોઈ અપેક્ષાએ દયા નહીં, ‘સ્વભાવિક દયા’ ત્યાં છે, જ્યાં આવી કોઈ અપેક્ષા નથી ! તે ઊંચી કક્ષાની છે. માટે જીવનો સ્વભાવ જ દયાળુ હોય માટે દયા કરે.

એમ, જીવમાં હમણાં રહેલા ગુણો જે ક્ષાયોપશમિક ભાવના છે તે બધા જ જ્યારે ક્ષાયિકભાવના બને ત્યારે તે જ સ્વભાવ બને.

**પ્રશ્ન : સરસ ! દયાની આ ચતુર્ભંગી મને બરાબર બેસી ગઈ ! જરા ટેલિ કરી લઉં !**

**(૧) દ્રવ્યથી પણ દયા અને ભાવથી પણ.**

**(૨) દ્રવ્યથી નહીં પણ ભાવથી દયા.**

**(૩) દ્રવ્યથી દયા ખરી પણ ભાવથી નહીં.**

**(૪) બંનેથી નહીં એટલે જીરો ભાંગો.**

**જવાબ :** બરાબર છે. ક્રમ પણ બરાબર. જેના ૧લા ભાંગમાં સમજો ૧૦૦ માર્કસ, ૨જા માં ૫૦ ટકા, ૩જામાં ૨૫ ટકા અને ૪થા માં તો દયા જ નથી ૦ માર્કસ.

**પ્રશ્ન : આપ હવે ૧લું પદ સમજાવતા હતા. શ્રાવકોના કર્તવ્યરૂપ ‘છ જીવ’માં શું આવે જેની કરુણા કરવાની છે અને તે કેવી રીતે કરવાની છે ?**

**જવાબ :** સંસારમાં જીવો સંખ્યાની દૃષ્ટિએ અનંતાના જથ્થામાં છે. જે સંખ્યાથી ગણાય તેવા નથી પણ કલ્પનાથી વિચારી શકીએ. જેમ કે, પાણીના એક ટીંપામાં કેટલા જીવ ? તો કે, તેમાં રહેલો દરેક જીવ જો સરસવના દાણા જેવડો બની જાય તો, અર્થાત્ તેમનું શરીર (પાણીમાં દરેક જીવનું શરીર અતિસૂક્ષ્મ છે તે કેવલી ભગવંત જ દેખી શકે.) જો સરસવના દાણા જેવડું બનાવી દે તો ૧ લાખ યોજનના વિસ્તારવાળા પૂરા જાંબુદ્વીપમાં પણ સમાઈ ન શકે ! હવે વિચારો ચારે ગતિમાં કેટલા જીવો હશે ?

આ બધા જીવોને ઓળખવા બે વિભાગ પાડવામાં આવ્યા છે. તેના પેટાવિભાગ તો ૫૬૩ છે. જે જીવવિચાર પ્રકરણ ગ્રંથમાં તેનું વિસ્તારથી વર્ણન છે.

૧લા વિભાગમાં પાંચ પ્રકારના સ્થાવર જીવો છે. જેઓ સ્વયં હાલીચાલી શકતા નથી તથા તેમણે માત્ર એક જ સ્પર્શનેન્દ્રિય જ મળેલી છે. આવા જીવો તે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એમાં પહેલા ચાર સૂક્ષ્મરૂપે અને બાદર (ચક્ષુથી દેખાય તેવા) સ્વરૂપે એમ બે રીતે છે અને વનસ્પતિકાય જીવો પ્રત્યેક અને સાધારણ એમ બે પ્રકારે છે. અહીં આપણે જીવો પર કરુણા કરવાની વાત કરવી છે. જીવોના ભેદો તથા તે જીવોની આપણાથી વિરાધના-હિંસા કેવી રીતે શક્ય બને છે ? તે શક્ય ન બને તે માટે આપણે શું જોઈએ ? વગેરે વિગતવાર માહિતી ‘BE JAIN’ નામના મારા પુસ્તકમાંથી જોઈ લેવા ભલામણ છે.

**પ્રશ્ન : પૃથ્વી, પાણી વગેરે પાંચે પ્રકારના જીવો તો અમારા રોજના વપરાશમાં છે ! તેના વિના જીવન શક્ય નથી. તો તે જીવો ઉપર કરુણા કેવી રીતે કરવી ?**

**જવાબ :** સાચી વાત છે. આ જીવો વિના જીવન જીવવું શક્ય નથી. ભોજન વિના જેમ જીવન શક્ય નથી. છતાં જૈનોમાં ૩૦ ઉપવાસ. અરે ! ૧૮૦ ઉપવાસનો તપ પણ તપસ્વીઓ તપે છે. સાધુ ભગવંતોને જિંદગીભર દિવસમાં એક જ વાર ભોજન કરવાનો આચાર હોય છે. તમને **“પૃથ્વી - પાણી પણ જીવ છે.”** આવી શ્રદ્ધા જો બેસે તો પછી તે જીવો ઉપર કરુણા કરવાની વાત આવે.

**પ્રશ્ન : પૃથ્વી, પાણી વગેરેની પાછળ ‘કાય’ શબ્દનો શું અર્થ છે ?**

**જવાબ :** કાય એટલે કાયા - શરીર, પૃથ્વીકાય એટલે પૃથ્વી જે દેખાય છે તે પૃથ્વીનું શરીર છે, પાણી જે દેખાય છે તે પાણીનું શરીર છે અને તે શરીરમાં કેટલાકમાં એક, કેટલાકમાં અનેક, કેટલાકમાં સંખ્યાત, કેટલાકમાં અસંખ્યાત, તો કેટલાક શરીરમાં એક સાથે અનંત જીવો રહે છે. પૃથ્વીકાય એટલે પૃથ્વી એ જ જેની કાયા (શરીર) છે એવા જીવો.... આમ, અપ્કાય, તેઉકાય વગેરે બધે (બહુવ્રીહિ સમાસ) સમજવું.

**પ્રશ્ન : દાખલો આપી સમજાવોને ?**

**જવાબ :** સાંભળો, જેમકે - ઝાડના એક પાનમાં એક જીવ હોય, એક પપૈયામાં બીજ સાથે અનેક જીવ હોય, આખા ઝાડમાં ફળ, ફૂલ, છાલ, કષ્ટ, મૂળ, પાંદડા બધા મળી અસંખ્ય જીવ પણ હોય અને કોઈ સાધારણ વનસ્પતિ જેમકે, થોર વગેરે એક શરીરમાં અનંતા જીવ પણ હોય. કંદમૂળમાં અનંત જીવ હોય. આમ, કાય એટલે શરીર એમાં વ્યાપીને રહેનાર જીવ છે. તે એકથી માંડી અનંત પણ હોય.

ક્રમશઃ



# ધ્યાનની ભૂમિકા

## અધ્યાત્મનો સ્રોત ધર્મપ્રવૃત્તિ

લોકોત્તર ક્રિયાઓ વ્યવહારથી નકામી નથી. કેમ કે, લોકોત્તર ક્રિયાઓમાં એટલી તો શક્તિ છે જ, કે જો જીવ ભવિ હોય, પ્રજ્ઞાપનીય અને સરળ હોય તો આવી ક્રિયાઓ તેને શુદ્ધક્રિયા લાવી આપે છે. મોહવાળી પણ ક્રિયા કરતાં કરતાં મોહ ખસી જતાં જીવ શુદ્ધ ક્રિયા કરતો થઈ જાય છે. એટલે જ્યાં સુધી મોહ ન ખસે ત્યાં સુધી મોહને કાઢવાનો ટાર્ગેટ કરી ક્રિયાઓમાં સ્થિર રહેવું તેથી અંતે રીઝલ્ટ મળે છે. બીજો કોઈ ઉપાય નથી. કેરી આવશે તો આંબા ઉપર જ આવશે કંઈ બાવળીએ નહીં આવે!

અધ્યાત્મ આવે એટલે વૈરાગ્ય વગેરે ગુણો જીવનમાં આવે - અનુભવાય પણ. વિષયો અને કષાયો મંદ પડતા જાય. સંસાર ઉપરની અનાદિકાળની જામેલી રુચિ હલવા લાગે, પછી ઉઠવા લાગે અને એ રુચિ ધર્મ પ્રવૃત્તિ, ધર્મ અને ધર્મના આલંબનોમાં બેસવા લાગે!

અધ્યાત્મ આવતાં જીવના ચાર્મ બદલાય અને ઉપશમભાવ દાખલ થાય. તેથી રાગ-દ્વેષથી ઉકળતો - સતત ઉકળતો જીવ કંઈક શાંત થાય. ઉપશમ પામે એટલે આત્મા ઉપરથી કર્મોનો ક્ષયોપશમ થવા લાગે. જેટલી તીવ્રતા રુચિની અને ધર્મપ્રવૃત્તિની હોય, વળી જેટલો દેવ-ગુરુ અને ધર્મ પ્રત્યે અહોભાવ હોય તેટલો ક્ષયોપશમ પણ તીવ્ર બનતાં આત્મશુદ્ધિ થવા લાગે.

આ વખતે મૈત્ર્યાદિ ભાવનાઓ જીવમાં આત્મસાત્ થવા લાગે મોહનો નશો ઘણો બધો ઉતરતાં દૃષ્ટિ વગેરે નિર્મળ બનતાં જીવમાં સાચા ધ્યાનની ભૂમિકા રચાય.

**પ્રશ્ન : પણ આ અધ્યાત્મ લાવવાનો ઉપાય તો બતાવો !**

**જવાબ :** હવે તેની જ વાત આગળ કરવી છે.

પ્રભુએ જ્ઞાન સાથે ક્રિયામાર્ગ એટલે કે, ધર્મપ્રવૃત્તિ સ્વરૂપ આચારમાર્ગ બતાવ્યો છે. રત્નત્રયીની આરાધના તપ-જપ શાસ્ત્રાભ્યાસ વગેરે અનેક વેરાયટી આરાધના-સાધના માટે બતાવી.

**પ્રશ્ન : પણ આટલી બધી વેરાયટીમાં તો શું કરવું ને શું ન કરવું ? કયું પહેલું કરવું કયું છોડવું ? તેમાં અટવાઈ જવાય તેવું છે !**

**જવાબ :** એવું નથી. દરેક આરાધનાઓનું લક્ષ્ય તો એક જ છે તે છે જીવનમુક્તિ ! પરંતુ વેરાયટી જીવોની ભવિતવ્યતા અને રુચિ, પસંદગી વગેરે જુદી જુદી હોવાથી જીવને જે આરાધનના રુચે, તેમાં પ્રસન્નતાથી જોડાય તે માટે છે.

**પ્રશ્ન : આપે તો કહ્યું કે, જીવ તો અનાદિકાળથી સંસાર રુચિવાળો છે. તેને ધર્મ તો ગમતો જ નથી પછી તે કઠિન આરાધનાની પસંદગી કેવી રીતે કરશે ?**

**જવાબ :** બે ચીજ છે. એક તો તેનામાં અધ્યાત્મ આવ્યું છે એટલે તેની રુચિ ધર્મમાં જશે. બીજી વાત તમામ આરાધના કે સાધનનાઓ ગુરુને આધિન છે. કયા જીવને કઈ આરાધના તેનું કલ્યાણ કરશે તેનો નિર્ણય જ્ઞાની ગુરુ જ લઈ શકે. કારણ તેમને શાસ્ત્રાભ્યાસ આદિ કરી આ હથોટી મેળવી છે. માટે ગુરુને પરાધિન રહેવાની વાત શાસ્ત્રમાં આવે છે. જેને ગુરુપારતંત્ર્ય યોગ કહેવાય છે.

અત્યારે પણ જે આરાધનાઓ-સાધનાઓ શ્રીસંઘમાં ચાલે છે તે મોટાભાગે જ્ઞાની ગુરુની પાવન નિશ્રામાં જ ચાલે છે. જ્યાં ગુરુ પ્રત્યક્ષ ન હોય ત્યાં ગુરુની આજ્ઞા મુજબ ચાલે છે. આ જ આપણા શાસનની પરંપરા છે.

**ક્રિયાયોગ પણ ક્વૉલિટીવાળી જોઈએ :**

અધ્યાત્મ, આત્માની અંતર્મુખતા માંગે છે. બહિર્ભાવો જવાથી આત્મા ક્રિયાયોગમાં રુચિવાળો થાય ત્યારે ક્રિયા પ્રત્યે આદર પ્રગટવાથી ક્રિયામાં ઉપયોગ આવે તો જ ક્રિયા જીવંત બને, યોગ બને!

**અંતર્મુખતા : ધ્યાનને લાવવાનો ઉપાય**

જીવ અનાદિકાળથી પુદ્ગલ પ્રેમી છે.

પુદ્ગલ તરફ દૃષ્ટિવાળો છે.

તેને સંસારમાં જ રૂચિ હોય છે.

તે સંસારને બચાવીને તમામ પ્રવૃત્તિ કરતો હોય છે.

આવા વ્યક્તિ પાસે ધર્મ, આત્મા, અધ્યાત્મ આદિની વાતો નિરર્થક છે.

જે જીવો ધર્મ સન્મુખ થયા. (દિશા ફરી)

આત્મ સન્મુખ થયા. જીવનમાં એક નવો અધ્યાય ઉમેરાયો કે પુદ્ગલ સિવાય જીવમાં ચેતના પણ છે. તે શું છે તેની ભલે ખબર નથી.

જે જીવો અધ્યાત્મ સન્મુખ થયા.

તે બધાને પ્રભુની આજ્ઞાની વાત આવે. આજ્ઞારૂપી ઔષધી લેવાની વાત આવે. કેમ કે, પુદ્ગલભાવ તે સંસારમાં ભટકાવનાર છે. આત્મભાવ સંસારમાંથી બહાર લાવે છે.

**પણ તે આત્મભાવ ક્યારે જામે ?**

જ્યારે પ્રભુની દ્રવ્યાજ્ઞાઓનો સંયોગ થાય. સાચી દિશા તરફ ચાલવાનું ત્યારે થાય જ્યારે પ્રભુની આજ્ઞાનું પાલન શરૂ થાય ! ભલે તે પછી શક્તિ મુજબ હોય, પરિણામ મુજબ હોય. તો જ આત્મ ભાવ ખીલે, આગળ વધે.

એક રીતે જીવનો બહિર્ભાવ કે બહિર્મુખતા અનાદિ છે. અંતર્મુખતા લાવવી પડે છે. તેના માટે સમ્યગ્ પુરુષાર્થ જરૂરી છે. પુરુષાર્થ વિના આવેલી અંતર્મુખતા પણ ચાલી જઈ શકે. માટે જે આત્માને બહિર્મુખતા હવે ખૂંચે છે, અંતર્મુખ થવાની ઈચ્છા થઈ છે. ત્યાં રુચિ ઉત્પન્ન થઈ છે તેવા આત્માએ રાજી થવું જોઈએ કે તેમને પ્રભુ સાથે, પ્રભુના તારક માર્ગ સાથે પ્રીતિ થઈ છે.

આવા આત્માઓએ જીવનને સફળ બનાવવા, જીવનનો સાચો ઉપયોગ કરવા કે પોતાને ઊંચો જન્મ તથા પુણ્યયોગે મળેલ સામગ્રીને સાચા માર્ગે ઉપયોગ કરવા ઈચ્છા કરવી જોઈએ તે બે રીતે થાય.

(૧) બહિર્ભાવો-બહિર્મુખતાથી પાછા વળવું - તેને ધીરે ધીરે કે એક ઝાટકે છોડી દેવી અને અંતર્મુખ બનવા કમર કસવી જોઈએ.

**પ્રશ્ન : તે માટે શું કરવું ? ઉપાયો કયા છે ?**

**જવાબ :** તે માટે પ્રભુની આજ્ઞાઓ જાણવી અને જીવનમાં પ્રધાનપણે ઈમ્પ્લીમેન્ટ કરવાનું શરૂ કરવું સાથે બહારના વ્યવહારો, સગવડો તથા સાધનો ઓછા કરતાં જવું. બન્ને કામ સાથે ચલાવવાથી આવેલો આંતરભાવ ચાલ્યો નહીં જાય તેમાં ધીમે ધીમે પણ વૃદ્ધિ થતી જશે.

વૈરાગીએ વૈરાગ્ય ટકાવી રાખવા રાગ કે દ્વેષના પ્રસંગો છોડતા જવું. જો વારંવાર રાગાદિના પ્રસંગો બન્યા જ કરે તો આવેલો વૈરાગ્ય ઘસાતાં ઘસાતાં છેલ્લે ચાલ્યો પણ જાય માટે વૈરાગીએ રાગજનક ખાણી-પીણી, પહેરવા-ઓઢવા, પરિગ્રહ, સંબંધો, સંપર્કો ઓછા કરતા જવું પડે. તેથી વૈરાગ્ય ટકે. તપ ન કરી શકે તેનો વૈરાગ્ય ત્યાગ કરતો રહે તો ટકે. પણ જીવનમાં ત્યાગભાવ ન હોય અને તપ કરી શકતો ન હોય તો વૈરાગ્ય ટકવો મુશ્કેલ છે.

તપ શરીરને આધારે છે. જ્યારે ત્યાગ મોટે ભાગે મનને આધારીત છે. શરીર ન માને, ન ખમે તેવું બને પણ મન ન માને તે કેવી રીતે ચાલે ? મનને વશ કરવું કે મનને મારવું અથવા મનનો નિગ્રહ કરવાથી તે મરતું નથી ઊલટું તે કેળવાય છે. આત્મ સન્મુખ બનવા મોટું પરાક્રમ તો મન સાથે સમાધાન કરવાનું છે.

બહિર્મુખતા છોડવા સહુથી પહેલાં મનનો નિગ્રહ આવશે. પ્રભુની આજ્ઞા પાળવામાં બળવો તો મન જ કરશે. કારણ, ખુદ પ્રભુએ આજ્ઞાનું પાલન શરીરના ક્ષેત્રે યથાશક્તિ કહ્યું છે. પણ મનના ક્ષેત્રે નહીં. મનને સમજાવી, દબાવી, દમન કરીને પણ આજ્ઞાનું પાલન તો કરવાનું જ છે.

પ્રભુની આજ્ઞા બહિર્મુખતા છોડી અંતર્મુખ બનવા માટે જ છે તેમ સમજો. અંતર્મુખતા આજ્ઞા પાલન કરતાં કરતાં પ્રગટે તે સમ્યગ્ પુરુષાર્થ છે. દ્રવ્ય આજ્ઞાઓના પાલનથી જે અંતર્મુખતા પ્રગટે તે ભાવ આજ્ઞા છે. એટલે દ્રવ્યાજ્ઞાઓ અંતર્મુખતાના ઉપાય રૂપે છે. તેનું ફળ તો અંતર્મુખતા પ્રગટવી તે છે. તે ભાવાજ્ઞા છે અને તે જ ધ્યેય સમજવું સિદ્ધિ સમજવી.

દ્રવ્ય આજ્ઞાઓ જો અંતર્મુખતા તરફ ન લઈ જાય તો તે આજ્ઞાથી વિપરીત પણું ગણાય. તેથી કદાચ અંતર્મુખ થવાની પાત્રતા જ ધીરે ધીરે ચાલી જવા સંભવ છે. માટે હિસાબ મેળવતા રહેવું. આજ્ઞા પાલનથી જો અંતર્મુખતા ન આવતી હોય તો વિચારવું.

**વળી, બીજી વાત એ છે કે, જેણે અંતર્મુખતા પ્રગટાવવી છે. બહિર્મુખતામાં હવે અરુચિ થઈ છે તેવા આત્માએ પ્રભુની દ્રવ્યાજ્ઞાઓ પણ સ્વરુચિની બુદ્ધિ, સમજ કે ઈચ્છાથી પાળવાની નથી. પરંતુ ગુર્વાજ્ઞા આધીન રહીને પાળવાની છે. હકીકતમાં સંવિગ્ન-ગીતાર્થ ગુરુની આજ્ઞા તે પ્રભુઆજ્ઞા સમાન જ છે. સમર્પણ બન્નેમાં તુલ્ય હોવું ઘટે. ક્રમશઃ**

# શ્રદ્ધા – Unconditionally surrender

## ચત્તારિપરમંગાણિ

અનંત ઉપકારી અનંત કલ્યાણના કરનારા તારક તીર્થંકર પ્રભુવીરે અંતિમદેશના સ્વરૂપે ઉત્તરાધ્યયન સૂત્રમાં ૪ વસ્તુ દુર્લભ બતાવી છે. એમાં ત્રીજી દુર્લભ વસ્તુ છે શ્રદ્ધા. શાસ્ત્રોમાં શ્રદ્ધાના અનેક અર્થો બતાવ્યા છે. સ્થૂલદૃષ્ટિએ શ્રદ્ધાને ડીફાઈન કરવી હોય તો એમ કહી શકાય. **Unconditionally** કોઈ પણ શરત વિના પ્રભુની વાત માનવી. ગમે તેવાની વાત સ્વીકારવાની નથી. પ્રભુ, ગુરુ, ધર્મ અને શિષ્ટ પુરુષોનું જ શરણું સ્વીકારવા જેવું છે. તે જ સાચું શરણું છે. મિત્રો, સ્વજનો વગેરે ગમે ત્યારે છોડીને જઈ શકે છે. વિશ્વાસ-ભરોસો કોઈનો ના કરાય.

જરૂર પડે ત્યારે ડૉ., વકીલ, સી.એ.ને કેવા સરેંડર થઈ જાઓ છો ? ઈવન એક હજામનું પણ કેવું માની લો છો. કોઈપણ જાતના આર્ગ્યુમેન્ટ કર્યા વગર 'તહત્તિ' કરો છો. ત્યાં કોઈ હાઉ એન્ડ વાય કરતાં નથી. એ જે કહે તેને તરત યસ કરી લો છો. સમયનું બધું એડજેસ્ટમેન્ટ કરીને પણ એમની વાતને અપનાવી લો છો. એમ પ્રભુની જે અગમ્ય વાતો જે આપણી બુદ્ધિમાં નથી બેસતી એને વગર કોઈ આર્ગ્યુમેન્ટ કે બિનશરતે સ્વીકાર કરવી જોઈએ.

રાત્રિ ભોજન કેમ ના કરાય ? ૭૦૦ કરોડ લોકો રાતના ખાય છે તો શું તે બધા નરકે જશે ? આજે તો રાત પણ દિવસ જેવી લાગે છે. જીવો પડતાં હોય તો દેખાય તો ખરાં ને ? માર્કેટમાં જૈન આલૂ આવ્યા છે. જે ધરતી ઉપર ઉગે છે. નરેન્દ્ર મોદી પણ કહે છે આ તો જૈનો ખાઈ શકે તો પછી તે કેમ ના ખવાય ? આવી તો કેટલી અગમ્ય વાતો છે જે તરત બુદ્ધિમાં ના બેસે. ઘણા આરગ્યુમેન્ટ થઈ શકે એવા છે. તો પણ મારા પ્રભુએ કહ્યું છે, બસ ! તે સર્ટીફાઈડ જ છે. વધારે બુદ્ધિ ચલાવ્યા વગર માની લેવું. પ્રભુ જે કહે છે તે બરાબર જ છે. એમાં કોઈ હાઉ એન્ડ વાય ના હોય તે શ્રદ્ધા.

એક શહેરમાં ડૉક્ટરોનો સેમિનાર યોજાયો હતો. મોટા-મોટા ડૉક્ટરો ભેગા થયા હતા. મોટી કૉન્ફરન્સ થયા બાદ બધા ડાઈનીંગ હૉલમાં જમવા ભેગા થયા. એમાં એક જૈન ડૉક્ટરે પોતાની થાલીમાં જૈન ફૂડ લીધો. બાજુમાં ઊભા રહેલા બીજા ડૉક્ટરે આ જોયું અને તરત પૂછ્યું, મી., વાય જૈન ફૂડ આ ગ્રેવીવાલુ આલૂનુ સરસ શાક છે. તે કેમ લેતા નથી ? જૈન ડૉક્ટરે કહ્યું, 'હું જૈન છું. અમે આલૂ નથી ખાતાં. એમાં ઈન્ફીનીટ જીવો હોય છે. નહીં દેખાતા જીવોની વાત સાંભળતાં બીજા ડૉ. તરત સામે બોલ્યા, તમે તો હાઈસોસાયટીમાં રહેનારા, આટલું ભણેલા, ડૉ. ની પોસ્ટ સુધી પહોંચેલા છો.

છતાં ઈશ્વરમાં માનો છો. નાનકડા બટાટામાં વળી ઈન્ફીનીટ જીવો કેવી રીતે હોઈ શકે ? આલૂમાં વળી જીવો ! બધી બોગસ વાતો છે. કોણે ઈશ્વરને જોયા છે અને સાંભળ્યા છે ? આ તો બધી ઉપજાવેલી વાતો છે. અંધશ્રદ્ધાળુઓ જેવી વાતો ના કરો. આજનું સાયન્સ તો એકદમ **Crystal clear** છે. જે દેખાય છે તેમાં જ માને છે. આટલી બધી પ્રગતિ થયા બાદ પણ આવી ઓર્થોડોક્સ વાતો તમારા મોંઢેથી ના શોભે. લ્યો, આ શાક, આમાં કોઈ જીવો નથી. બધુ છોડતા રહેશો તો લાઈફમાં મજા કરવા જેવું શું રહેશે ?

બધુ શાંતિથી સાંભળ્યા બાદ જૈન ડૉક્ટર બોલ્યા, જુઓ, નાનપણથી મારી માતાએ મને આલૂ નહીં ખાવાના સંસ્કારો આપ્યા છે. આલૂ જૈનોથી ના ખવાય આવું શીખવાડેલું છે. કંદમૂળ ત્યાગ તો જૈનોની ઓળખ છે.

મેં એકવાર સ્કૂલમાં મિત્રોના આગ્રહથી કેન્ટીનમાંથી વડાપાંવ લઈ ખાધા હતા. ઘરે આવ્યો ત્યારે ખબર નહીં મમ્મીને ક્યાંથી ખબર પડી ગઈ, કે મેં આજે વડાપાંવ ખાધા છે. મમ્મીએ મને પૂછ્યું, 'બોલ ! આજે તું વડાપાંવ ખાઈને આવ્યો છે.' આ સાંભળતાં જ હું તો ડરી ગયો અને સાચું કહી દીધું. હાં, મેં આજે વડાપાંવ ખાધા છે.

મારી મમ્મીને આ સાંભળી ખૂબ આઘાત લાગ્યો. એને મને નહીં પણ પોતાને સજા કરી. બીજા દિવસથી અઠ્ઠમ લઈ લીધો. ૩ ઉપવાસ મારા આ પાપને કારણે કર્યા. આવી કઠોર સજા જાતને આપશે એવી કલ્પના મને નહોતી. એ દૃશ્ય હજી હું ભૂલી શક્યો નથી. ત્યારથી મેં નક્કી કરી લીધું હતું. હવે પછી કાંઈ બીજુ ખાવા ભલે મળતું ના હોય પણ આલૂ તો નહીં જ ખાઈશ. મૃત્યુને સ્વીકાર કરી લઈશ.

પ્રભુ છે કે નહીં, આલૂમાં જીવો છે કે નહી, પ્રભુ આલૂ વિશે શું કહે છે ? એ મને ખબર નથી પણ મારી મમ્મીએ કહ્યું છે 'આ ના ખવાય'. બસ ! એ જ મારા માટે પથ્થરની લકીર છે. બીજી કોઈ માથાકૂટ કર્યા વગર, આર્ગ્યુમેન્ટ કર્યા વગર, સંશોધનો કર્યા વગર મારી માતાના શબ્દો જ મારા માટે સર્વસ્વ છે. એના હૃદયમાં મારું હિત વસેલું છે. માટે જ મને રોકતી હશે આટલું જ હું જાણું છું.

પ્રભુની વાતો, એમના પ્રિન્સિપલ્સ, ફંડામેન્ટલ્સ દુનિયામાં કોઈ કાલે **unchangeable** છે. **Unchangeable** છે. **Unchallengeable** છે. **Unbelieveable** છે. ભલે, મને નથી સમજાતા. બુદ્ધિમાં નથી બેસતા પણ **supreme knowledge** વાલા પ્રભુએ કહ્યું છે તે જ મારા માટે સર્વસ્વ છે, સર્વમાન્ય છે. નાનકડા મગજમાં આ વાત એકદમ સોલિડ રીતે બેસવી જોઈએ.

બસ ! એટલું જ સંસાર સાગર તરવા માટે ઈનફ છે. પૂરતું છે.

## ભૂતકાળ અનંતો ગયો...

ભવિષ્યકાળ અનંતો અનંત પડ્યો છે.
તારા હાથમાં માત્ર વર્તમાનની ક્ષણ છે !
વર્તમાન જીવન ભાવિના લેખ લખવા માટે છે.
યાદ રાખ ! મરીને ક્યાંક જવાનું છે !
રાજા, ચક્રવર્તી અચ્છા અચ્છા ગયા છે.
અરે ! તીર્થંકરો પણ સમય થતાં ચાલ્યા ગયા !
કાળની ઘડીયાળ અટકતી નથી.
કાળની ગર્તામાં અનંતા સમાઈ-હોમાઈ ગયા.
જે કાલાતીત થયા છે તેમનો આ મૅસેજ છે...
તું બચી જા... કાલાતીત બની જા...!
આ લોકમાં એવું જીવ...
કે પરલોક સેઈફ થાય !
જો જે ચૂક્તો આવી લાઈફ ફરી મુશ્કેલ છે.

## માનસમંદિરમ્માં પ્રભુના પ્રભાવની ચમત્કારિક ઘટના

યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.**હેમરત્નસૂરીશ્વરજી મહારાજા** પ્રેરિત માનસમંદિરમ્ તીર્થમાં પધારતા ભક્તોને અધિષ્ઠાયકો દ્વારા પ્રભુના પ્રભાવના અવારનવાર અનેક પરચા મળ્યા છે. વર્તમાનમાં પણ મળી રહ્યા છે.

**પૂ. આ. વિ. ગુણરત્નસૂરીશ્વરજી મહારાજા**ના પૂ.સાધ્વીશ્રી પ્રમોદરેખાશ્રી આદિ ૨૦ સાધ્વીજી ભગવંતો વડિલ આચાર્ય ભગવંતો સાથે ભક્તોના આગ્રહથી ૭ પૂ.સાધ્વીજી ભ.ના વર્ષીતપના પારણા પ્રસંગે તીર્થમાં પધાર્યા.

તેમાંના **પૂ.સાધ્વીશ્રી હેમાક્ષીરેખાશ્રીજી મ.**ને એંકલ જોઈંટની બે વાર સર્જરી થયેલી છે. તેઓ ૧૦૦ ડગલાં પણ ચાલી શક્તા નથી. પ્રભુના પ્રભાવની વાતો સાંભળેલી. પ્રથમવાર દાદા આદિનાથના દર્શન કરી ઘેલા ઘેલા થઈ ગયા. ખૂબ અહોભાવપૂર્વક દર્શન-વંદન કર્યા. મનમાં રોજ યાત્રા કરવાનો સંકલ્પ કર્યો. બીજા દિવસે ચાલીને જયતળેટી દર્શન કર્યા. બધાને આશ્ચર્ય થયું. નીકળતાં ક્ષેત્રપાળ દાદાના પ્રત્યક્ષ દર્શન થયા અને આનંદ વિભોર બની ૯૯ યાત્રા કરવાનો મનમાં સંકલ્પ કર્યો.

અહીંથી ઉપર જવા ૧૪૦ પગથિયાં ચડવાના છે. આખા વૃંદની સાથે તેઓ પણ ચડી ગયા અને મુખ્ય જિનાલયે દાદાના દર્શન કરી એક અલગ જ આનંદની અનુભૂતિ કરી યાત્રા પૂર્ણ કરી.

ત્યારપછી તો ૧૪ દિવસમાં ૯૯ યાત્રા પણ પૂર્ણ કરી સાથે એક સંવત્સરી મહાપર્વનો ઉપવાસ પણ માંડ માંડ કરનાર સાધ્વીજીએ પૂર્ણાહુતિમાં અટ્ઠમનો તપ કરી કમાલ કરી. શ્રમણવૃંદમાં અખૂટ શ્રદ્ધાનો માહોલ બન્યો. 'સંકલ્પાત્ સિદ્ધિ ન સંશયઃ'.

પૂ.સાધ્વીજી ભ. કહે છે, દાદાનું અલૌકિક રૂપ જોઈને મને ખૂબ ભાવ જાગ્યા. સંકલ્પ કર્યો તીર્થના 'રક્ષક' ક્ષેત્રપાલદેવે જાણે અદૃશ્ય સહાય કરી મારો સંકલ્પ પૂર્ણ થયો. પૂ.ગુરુદેવને યાદ કરી ખૂબ અનુમોદના કરી.

# એલર્ટ બ્રાહ્મી-સુંદરી અને NRG ગ્રુપની એક્ટિવિટી







NRG ગ્રુપ ઓફ અમદાવાદ તથા ગુંટુર દ્વારા સાધુ-સાધ્વીજી ભગવંતોને વૈયાવચ્ચ ભક્તિ



બ્રાહ્મીસુંદરી વિદ્યાનગર ગ્રુપ દ્વારા પૂર્ણિમાના દિવસે સામૂહિક ગુરુવંદન સામાયિક અને પાઠશાળામાં ગુરુ અહોભાવનો કાર્યક્રમનું આયોજન





ગોડીજી ગ્રુપ દ્વારા પોઈન્ટ કાર્ડ ડીસ્ટ્રીબ્યુશન

ગોડીજી ગ્રુપ દ્વારા નિરંતર ૨૭ વર્ષોથી દર વર્ષે આપણી ચમક વધારતા, સેંકડો બાળકોની ઉપસ્થિતિમાં સંપન્ન




RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted on 16th of every month at Ahd. Unaccountable L1
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514